# રાજ્યમાં કોરોના વકર્યો : ૧૧૧ નવા કેસ, ઓમિક્રોનના ૭ કેસ

## કોરોનાનો રિકવરી રેટ ઘટીને ૯૮.૭૦ ટકાએ પહોંચ્યો : આજના દિવસમાં ૨,૧૩,૯૭૨ રસીના ડોઝ અપાયા

ગાંધીનગર, તા.૨૩

ગુજરાતમાં કોરોના ફરીએકવાર બેકાબુ થઈ રહ્યો છે. રાજ્યમાં આજે કોરોનાના ૧૧૧ નવા કેસ નોંધાયા હતા. તો બીજી તરફ ૭૮ દર્દીઓ સાજા થયા છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ ઘટીને ૯૮.૭૦ ટકાએ પહોંચી ચુક્યો છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૮,૧૨૯ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજના દિવસમાં ૨,૧૩,૯૭૨ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૬૬૮ એક્ટિવ કેસ છે. જે પૈકી ૧૨ નાગરિકો વેન્ટિલેટર પર છે. ૬૫૬ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૮,૧૨૯ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે. તો બીજી તરફ આજે કોરોનાને કારણે જામનગર કોર્પોરેશનમાં ૧ અને આણંદમાં ૧ વ્યક્તિનું મોત થયું છે. અત્યાર સુધીમાં ૧૦૧૦૮ નાગરિકોનાં અત્યાર સુધીમાં મોત થયા છે. નવા આવેલા કેસની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૪૩, સુરત કોર્પોરેશનમાં ૧૭, રાજકોટ કોર્પોરેશન ૧૧, વડોદરા કોર્પોરેશન ૧૦, કચ્છ-વલસાડ ૫, ખેડા નવસારી -૪, આણંદ રાજકોટમાં ૩, મહીસાગરમાં ૨, ભાવનગર કોર્પોરેશન, સાબરકાંઠા, સુરત અને વડોદરામાં ૧-૧ કેસ નોંધાયા છે. રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં હેલ્થકેર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૩ને પ્રથમ અને ૬૭૬ ને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૪૫ વર્ષ કે તેનાથી વધારેના ૫૮૭૮ નાગરિકોને રસીનો પ્રથમ અને ૪૭૯૦૦ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો છે. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૨૦૯૨૪ નાગરિકોને રસીનો પ્રથમ અને ૧૩૮૫૯૧ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો છે. આ પ્રકારે આજના દિવસમાં કુલ ૨,૧૩,૯૭૨ રસીના ડોઝ અપાયા છે.

## ઓમિક્રોનના વધુ ૭ કેસ વડોદરાથી નોંધાયા : કુલ ૩૦ કેસ થયા

ઓમિક્રોનના કેસ પણ કુદકે ને ભુસકે ગુજરાતમાં વધતાં ભારે ચિંતા પ્રસરી છે. આજે વડોદરામાં મહાનગરપાલિકા વિસ્તારમાં એક સાથે ઓમિક્રોનના ૭ કેસ પોઝિટીવ આવતા હાહાકાર મચી જવા પામ્યો હતો. આજે નોંધાયેલા ૭ કેસમાં ૫ વર્ષની કિશોરી, ૧૧ વર્ષનો કિશોર, ૩૯ અને ૨૯ વર્ષના પુરુષ અને ૨૬ અને ૬૧ વર્ષની મહિલા ઉપરાંત ૯ વર્ષનો બાળક પણ પોઝિટીવ નોંધાયો હતો.

તમામ કેસ ઝામ્બિયા રીટર્ન પોઝિટીવ ઓમિક્રોન કેસના નજીકના સંપર્કમાં હતા. તમામ દર્દીઓ વડોદરા ખાતે આઈસોલેશનમાં છે. ગુજરાતમાં કુલ ઓમિક્રોન પોઝિટીવના કેસ ૩૦ થયા છે. જેમાં ૨૫ સારવાર હેઠળ છે અને પાંચને રજા અપાઈ છે. જિલ્લા વાર નજર કરીએ તો વડોદરા શહેરમાં ૧૦, જામનગરમાં ૩, સુરતમાં ૨, ગાંધીનગરમાં ૧, મહેસાણામાં ૩, આણંદમાં ૩, રાજકોટમાં ૧ અને અમદાવાદ શહેરમાં ૭ કેસનો સમાવેશ થાય છે.

# સોલા સિવિલ હોસ્પિટલમાં ઓમિક્રોનના શંકાસ્પદ દર્દીનું મોત

## ગુજરાત માટે ભયજનક સ્થિતિ સર્જાય તેવી શક્યતા : દર્દીને માત્ર શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી, તેવામાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજતા તંત્ર દોડતું થયું

અમદાવાદ, તા.૨૩

ગુજરાતમાં ફરી એકવાર કોરોનાનો વિસ્ફોટ થાય તેવી સ્થિતિ પેદા થઈ છે. ૯ સુધી પહોંચી ચુકેલા કોરોનાના આંકડા હવે ધીરે ધીરે ૧૦૦ તરફ આગળ વધી રહ્યા છે. તેવામાં ગુજરામતા ફરી એકવાર ચિંતાજનક સ્થિતિ પેદા થઈ રહી છે. આ ઉપરાંત ૦ થઈ ચુકેલો મરણનો આંકડો ફરી એકવાર વધી રહ્યો છે. તેવામાં ગુજરાત માટે ભયજનક સ્થિતિ સર્જાય તેવી શક્યતાને જોતા હવે સરકાર પણ ધીરે ધીરે આળસ ખંખેરી રહી હોય તેમ લાગી રહ્યું છે. સરકારી મેળાવડાઓ જો કે યથાવત્ત છે પરંતુ જનતા પર લગામ કસી રહી છે.

જો કે આ ચિંતાજનક સ્થિતિ વચ્ચે વધારે એક ખુબ જ ચોંકાવનારા સમાચાર આવ્યા છે. અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા એક વૃદ્ધનું અવસાન થયું છે. તેઓ કોરોના પોઝિટિવ આવ્યા બાદ તેઓની સોલા સિવિલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, તેઓને ઓમિક્રોન હોઈ શકે તેવી શક્યતાને જોતા તેમનો રિપોર્ટ જિનોમ સિકવન્સીંગ માટે મોકલવામાં આવ્યો હતો. તેમના મોટા ભાગનાં લક્ષણો ઓમિક્રોન જેવા હતા. તેઓને બીજી કોઈ તકલીફ નહોતી માત્ર શ્વાસ લેવામાં જ તકલીફ પડી રહી હતી. તેવામાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજતા તંત્ર દોડતું થયું છે. જો તેમનો ઓમિક્રોન રિપોર્ટ પોઝિટિવ આવે તો ઓમિક્રોન ધરાવતા પહેલા ભારતીયનું મોત ગણાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કોરોનાને કારણે પ્રથમ મોત બ્રિટનમાં નોંધાયું હતું. આ મોત બાદ સમગ્ર વિશ્વમાં ચકચાર મચી ગઈ હતી. વૈજ્ઞાનિકોનો દાવો કે ઓમિક્રોન જેટલો વધારે વાયરલ છે તેટલો જ ઓછો ઘાતક છે તે હવે ધીરે ધીરે અયોગ્ય સાબિત થઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. કેસોમાં જબરજસ્ત રીતે ઉછાળો પણ થઈ રહ્યો છે. બ્રિટનમાં મોતનો આંકડો પણ વધી રહ્યો છે. તેવામાં જો ગુજરાતમાં હવે સ્થિતિને કાબુમાં નહી લેવામાં આવે તો કોરોનાના બીજા વેવ કરતા પણ ખરાબ સ્થિતિનું સર્જન થઈ શકે છે. સરકાર તૈયારીના ખાંડા જરૂર ખખડાવી રહી છે પરંતુ આ વાયરસ જે ઝડપથી ફેલાય છે તે જોતા સરકારની ગમે તેટલી તૈયારીઓ હોય તે પણ ઓછી પડશે.






શ્રી જલીયાણ સેવા ગૃપ દ્વારા સેકટર-૨૭ પ્રાથમિક શાળાના બાળકો માટે સુવર્ણપ્રાશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્કાર આયુ કલીનીકના ડૉ. સીમા ઠકકરે સુવર્ણપ્રાશન કરાવ્યું હતું. ત્યારબાદ બાળકોને નાસ્તો, મીઠાઈ અને ચોકલેટનું વિતરણ કરાયું હતું.

## ગુજરાતના અનેક ભાગમાં માવઠુ થવાની શક્યતા

રાજ્યમાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. પરંતુ હવે ગુજરાતુ વાતાવરણ બગડવાનુ છે. ગુજરાતમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. ગુજરાતમા કડકડતી ઠંડી પછી હવે કમોસમી વરસાદી આગાહી કરવામાં આવી છે. ગુજરાતના અનેક ભાગમાં માવઠુ થવાની શક્યતા છે. સમગ્ર રાજ્યમાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. જોકે, ત્રણ દિવસના કોલ્ડવેવ બાદ આજે ઠંડીમાં આંશિક રાહત જોવા મળી રહી છે. હવામાન વિભાગા એક્સપર્ટસ દ્વારા ગુજરાતના વાતાવરણમાં વિપરિત અસર જોવા મળવાની છે.




**રાજ્યમાં કોરોના-ઓમિક્રોનની પ્રવર્તમાન સ્થિતીની સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરાઈ**

રાજ્યમાં કોરોના અને ઓમિક્રોનની પ્રવર્તમાન સ્થિતિની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉચ્ચસ્તરીય બેઠક યોજી સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ, રાજ્યમંત્રી નિમિષાબહેન અને મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન તેમજ મુખ્ય સચિવ પંકજ કુમાર, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ રાજકુમાર સહિત આરોગ્ય અને ગૃહ વિભાગના વરિષ્ઠ સચિવો આ બેઠકમાં જોડાયા હતા. મુખ્યમંત્રીએ કહ્યું કે રાજ્ય સરકાર દ્વારા રોજના ૭૦ હજાર જેટલું ટેસ્ટિંગ કરવામાં આવે છે. તેમણે ભારત સરકારની ગાઈડલાઈન્સ મુજબ વિદેશથી આવનારા પ્રવાસીઓના ટેસ્ટિંગ અને કોન્ટેક્ટ ટ્રેસિંગ માટેની વ્યવસ્થા આરોગ્ય અને ગૃહ વિભાગ સાથે મળીને કરે તેના કાર્યઆયોજનની બેઠકમાં સમીક્ષા કરી હતી. આ બેઠકમાં પ્રેઝન્ટેશન દરમ્યાન જણાવવામાં આવ્યું હતું કે રાજ્યમાં બે ડોઝની ૮૫ ટકા અને એક ડોઝમાં ૯૫ ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ છે.

# ૨૦૨૨ના વર્ષમાં ખેતી વિષયક ગણના શરૂ થશે, જમીન દફતર સુધારવા સૂચના

## રાજ્યના ગામડાઓની જમીનનો ત્રણ તબક્કે સર્વે કરાશે જેનો ઉપયોગ કૃષિ વિકાસની યોજનાઓ, ખેત ધિરાણ, કૃષિ અર્થશાસ્ત્ર તેમજ સંશોધન માટે થશે

ગાંધીનગર

ગુજરાતમાં ૨૦૨૨ના વર્ષમાં ખેતી વિષયક ગણના (એગ્રીકલ્ચર સેન્સસ) થવાની હોવાથી રાજ્યના જમીન દફતરને સુધારવા માટે રાજ્યના મહેસૂલ વિભાગે આદેશ કર્યો છે. આ ગણના પાંચ વર્ષ પછી થઈ રહી છે અને રાજ્યના તમામ ગામોના હક્કપત્રકો અદ્યતન કરવાનું કહેવામાં આવ્યું છે. એટલું જ નહીં આ ગણનામાં પ્રત્યેક ખેડૂત ખાતેદારની તમામ વિગતો આવરી લેવામાં આવશે.

એ ઉપરાંત આ ગણનામાં નિયમાનુસાર ફેરફાર નોંધ પાડી આ નોંધ પર આધારિત ગામ રેકર્ડ પણ સુધારવાનું થાય છે. ખાસ કરીને ગામ નમૂના નંબર-૬માં નોંધ પાડવાની કાર્યવાહી કરવાની રહે છે. સામાન્ય રીતે ખેતી વિષયક ગણના પાંચ વર્ષે કરવામાં આવે છે. આ વખતે ૧૧મી વખત આ ગણના થઈ રહી છે.

પહેલા ભાગમાં પ્રાથમિક લાક્ષણિકતા જેવી કે ખાતેદાર સંખ્યા અને તેમના દ્વારા વિસ્તાર ઓપરેટ થતો હોય તેવા સીમાંત, નાના, અર્ધ મધ્યમ, મધ્યમ અને મોટા જૂથની તમામ પ્રકારની માહિતી એકત્ર કરવાની થાય છે. આ ડેટા સપ્ટેમ્બરના અંત સુધીમાં પૂર્ણ કરવાનો થાય છે. બીજા ભાગમાં ખાતેદારની પાયાની વિગતો જેવી કે જમીનનો ઉપયોગ, સિંચાઈની સ્થિતિ, ભાડૂઆત અને પાક પદ્ધતિને આવરી લેવામાં આવી છે. આ ડેટા સપ્ટેમ્બર ૨૦૨૨ સુધીમાં એકત્ર કરવાનો થાય છે,

જ્યારે ત્રીજો ભાગ ઈનપુટ સર્વે છે. જેનો સર્વે ખેતી વિષયક ગણનાના આગામી ખેતી વર્ષને સંદર્ભ ગણીને કરવાનો થાય છે. આ સર્વેમાં ખાતેદારની ઈનપુટ વપરાશની પદ્ધતિ જેવી કે ખાતર, પિયત, બિયારણ, જીવાત નિયંત્રણ, ખેત ધિરાણ, ઘરનું કદ, ઉંમર, ખાતેદારનું શૈક્ષણિક સ્તર અને બહુવિધ પાકને ધ્યાને લેવામાં આવશે. ઈનપુટ સર્વેમાં સંસ્થાકીય ખાતેદાર કે જે ગામમાં રહેતા ન હોય તેમની વિગતો એકત્ર કરવાની રહેતી નથી. આ સર્વેનું સંદર્ભ વર્ષ ૨૦૨૨-૨૩ ગણી જુલાઈ ૨૦૨૩ થી સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીમાં ડેટા એકત્રીકરણ પૂર્ણ કરવાનું થશે.

આ ખેતી વિષયક ગણનામાં સરકારી પડતર જમીન તેમજ ગૌચરને પંચાયતમાં પ્રાપ્ત થતી જમીનોની વિગતો સબંધિત સર્વે નંબરોના ગામ નમૂના નંબર સાત-બારમાં નોંધવામાં આવશે. મહેસૂલ વિભાગે આદેશમાં જણાવ્યું છે કે રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરો, જિલ્લા વિકાસ અધિકારી તેમજ તેમના નિયંત્રણ હેઠલ રહેલા તમામ કર્મચારીઓએ આ કામગીરી સમયસર પૂર્ણ કરવાની રહેશે.

ખેતી વિષયક ગણનાની આ માહતી ખેતીવાડીના વિકાસ કાર્યક્રમના આયોજન અને તેના મૂલ્યાંકન, ખેતીવાડી અર્થશાસ્ત્ર, ખેત ધિરાણ તેમજ વિવિધ સંશોધનોમાં ઉપયોગ કરવામાં આવે છે. આ ગણના મહેસૂલ વિભાગ દ્વારા સંચાલિત ૧૦૦ ટકા કેન્દ્ર પુરસ્કૃત યોજના છે અને તે દેશભરમાં થાય છે.

# ચકચાર : ગાંધીનગર સિવિલ હોસ્પિટલના તબીબનો આપઘાત

ગાંધીનગર તા.૨૩

અત્યારના કપરા કાળમાં દિન-પ્રતિદિન આપઘાતના કિસ્સાંમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહેલો જોવા મળી રહ્યો છે, તેમાં પણ દરેક વર્ગ કે કક્ષાના વ્યક્તિઓ આ પ્રકારના અંતિમવાદી પગલાં ભરી રહ્યાં છે જે સમાજશાસ્ત્રીઓ માટે કોયડો બની રહ્યું છે. આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા એનેસ્થેસિયા વિભાગના રેસિડેન્ટ ડોકટરે અગમ્ય કારણસર પોતાના સ્ટાફ કવાર્ટરમાં ઈન્ટ્રા વીનસ ઈન્જેકશન વડે આપઘાત કરી લેતાં ચકચાર મચી જવા પામી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એનેસ્થેસિયા વિભાગમાં ડોકટર તરીકે ફરજ બજાવતા ડો. વિનય જાનીએ ક્વાર્ટર્સમાં ઈન્જેકશનનો ઓવર ડોઝ લઈને આપઘાત કરી લીધો હોવાની ઘટનાએ સિવિલ કેમ્પસમાં ચકચાર મચાવી દીધી છે. ડોકટરના આપઘાત અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી છે. સૂત્રોએ જણાવ્યાં અનુસાર ડો. વિનય જાનીએ ઈન્ટ્રા વીનસ ઈન્જેકશન વડે એટ્રા કોડીયમ નામના ઈન્જેકશનનો ઓવર ડોઝ લીધો હોવાનું પ્રાથમિક રીતે લાગી રહ્યું છે. જોકે પોલીસ તપાસ પછી જ સમગ્ર ઘટનામાં સત્ય શું છે તે બહાર આવી શકે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ડો. વિનય જાની ડ્યુટી પર આવ્યા ન હતા. ડો. વિનયને સવારથી સ્ટાફના કર્મચારીઓ ફોન કરતા હતા પરંતુ તેમનો ફોન નો-રિપ્લાય થતો હતો. આથી તપાસ કરતાં તેમણે પોતાને ઈન્જેકશન મારીને આપઘાત કરી લીધો હોવાનું જાણવા મળ્યું હતું. ડો.જાની ફરજ પર આવ્યા ના હોવાથી તેમના સાથી મિત્રએ રૂમ પર જઈને તપાસ કરી હતી ત્યારે રૂમનો દરવાજો બંધ હતો જે ખોલીને જોતા ડો. વિનય મૃત હાલતમાં જોવા મળ્યા હતા. હાલમાં સેકટર - ૭ પોલીસ દ્વારા સ્થળ પર પહોંચીને પોસ્ટમોર્ટમ સહિતની કાનૂની કાર્યવાહી સાથે વધુ સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સ્ટાફ ક્વાર્ટર્સમાં થોડા દિવસ અગાઉ મૂળ નડિયાદનાં અને સિવિલમાં સ્ટાફ બ્રધરે પણ કોઈ કારણસર ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

# પુત્રના જન્મદિને પતિએ પત્નિને ફટકારતાં માથામાં ૩ ટાંકા આવ્યાં

ગાંધીનગરમાં સે.૨૩માં રહેતા એક પતિએ પોતાના પુત્રના જન્મદિને જ પોતાની પત્નિને ઢોર માર મારી તેના માથામાં ચિનાઈનો શો પીસ માથામાં ફટકારી નાસી જતાં પત્નિને માથામાં ત્રણ ટાંકા આવ્યાં હતા. આ ઘટના અંગે સેકટર - ૨૧ પોલીસ મથકમાં ફરિયાદ દાખલ થતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરના સેકટર - ૨૩ ચર્ચ સામે પ્લોટ નંબર ૩૦૮ માં રહેતાં કશ્યપ હર્ષદભાઈ અમીનનાં લગ્ન વર્ષ ૨૦૦૨માં મૂળ પાટણની શ્રદ્ધાબેન સાથે થયા હતા. પાટણમાં હોન્ડાનો શો રૂમ ધરાવતા અને ગવર્મેન્ટ કોન્ટ્રાક્ટર કશ્યપ લગ્નના થોડા વર્ષો સુધી શ્રદ્ધાબેન સાથે સારા સંબંધ રહ્યાં હતા પરંતુ છેલ્લાં પાંચ વર્ષથી કશ્યપને કોઈ અન્ય મહિલા સાથે અનૈતિક સંબંધો બંધાયા હોવાની જાણ શ્રદ્ધાબેનને થઈ ગઈ તે પછી કશ્યપ દારૂ પીને તેની સાથે ઝગડા કરી શ્રદ્ધાબેન અને ૧૩ વર્ષીય પુત્રને પણ માર મારતો હતો પરંતુ ઘર સંસાર બગડે નહીં એટલે શ્રદ્ધાબેન ચૂપ રહેતા હતાં. જોકે કશ્યપમાં કોઈ સુધારો ન આવતાં શ્રદ્ધાએ કેનેડા રહેતા પોતાના સાસુ અને નણંદને પતિના કરતૂતોથી વાકેફ કર્યા હતા. જોકે તેઓએ પણ કશ્યપનું ઉપરાણું લઈને શ્રદ્ધાને ઠપકો આપ્યો હતો. આથી સાસરીમાંથી કોઈ મદદ નહી મળતા કંટાળીને શ્રદ્ધાબેને એકવાર અનાજમાં નાખવાની ગોળીઓ ગળી લઈ જીવન ટુંકાવવા પ્રયાસ કર્યો હતો જેથી કશ્યપ તેને પિયર પાટણ મૂકી આવીને કેનેડા જતો રહ્યો હતો.

ગત ફેબ્રુઆરી - ૨૦૨૧માં કશ્યપ કેનેડાથી પરત ફર્યો હતો અને સામાજિક રાહે દંપતી વચ્ચે સમાધાન થયું હતું જેથી શ્રદ્ધાબેન સાસરીમાં રહેવા આવી હતી. જોકે ફરી કશ્યપ દારૂ પીને ભૂતકાળનું જ પુનરાવર્તન કરતો રહેતો હતો. ગત તા.૨૨મી ડિસેમ્બરના રોજ પુત્રના જન્મદિન નિમિત્તે હોટલમાં જમીને પરિવાર પરત ફર્યો હતો. એ વખતે કશ્યપના સ્ટાફના બધા મિત્રો હોટલમાં આવ્યા હતા. પરંતુ સહદેવસિંહ આવ્યો ન હોવાથી સાસુએ તે બાબતે પૃચ્છા કરતા કશ્યપે શ્રદ્ધાને ન ગમે એવો જવાબ આપ્યો હતો. આથી સાસુએ પોતાના પુત્ર કશ્યપને "તું નપુસંક છે, ફાતડો છે" તેવા કડવા વેણ બોલીને તારે શ્રદ્ધા કહે એમ કરવાનું એવું કશ્યપને કહ્યું હતું જેથી કશ્યપ ઉશ્કેરાઈને પત્ની શ્રદ્ધા સાથે ઝગડો કરવા લાગ્યો હતો ત્યારે સાસુએ શ્રદ્ધાબેનને પકડી રાખતાં કશ્યપે ટેબલ પરનો ચિનાઈ માટીનો શો પીસ માથામાં મારીને ઘરની બહાર જતો રહ્યો હતો. બાદમાં ૧૦૮ એમ્બ્યુલન્સ થકી શ્રદ્ધાબેનને સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ હતી જ્યાં તેને માથાના ભાગે ત્રણ ટાંકા લઈ દાખલ કરાઈ હતી જેનાં પગલે સેકટર - ૨૧ પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.




**સિધ્ધાર્થ લો કોલેજ દ્વારા કાનૂની જાગરૂકતા શિબિર યોજાઈ**

સિધ્ધાર્થ લૉ કોલેજ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અન્વયે કાનૂની જાગરૂકતા શિબિર યોજાઈ હતી. જે બહિયલ ખાતે એફ.એચ. હાઈસ્કુલ ખાતે યોજાઈ હતી. જેમાં સ્કુલના વિદ્યાર્થીઓ હાજર હ્યા હતા. ડૉ. દિલીપ મેવાડા તથા ડૉ. સોનલ મેવાડાએ કાનૂની કાયદાનું જ્ઞાન તથા સમજ આપી હતી. આ સંસ્થાના હેડકલાર્ક ભૂપેન્દ્રસિંગ પણ ઉપસ્થિત રહ્યા હતા.

**બ્લાસ્ટ...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાછળ પંજાબમાં માહોલ ખરાબ કરવાનુ ષડયંત્ર પણ હોઈ શકે છે તેવી અટકળો થઈ રહી છે. પંજાબ સીએમનુ કહેવુ છે કે, જેમ જેમ પંજાબમાં ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ દેશ વિરોધી પરિબળો આ પ્રકારની હરકરતો કરી રહ્યા છે પણ સરકાર એલર્ટ છે અને લોકોએ પણ સચેત રહેવાની જરુર છે.

**ડીપોઝીટ જપ્ત કરી...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત બજાર કીંમત મુજબ જમીનના ભાવ પણ મળતા ન હતા. જયારે આ બોર્ડ બેઠકમાં આ પ્રશ્ન હલ કરી દેવાતા હવે રહેણાંક તેમજ કોર્મશિયલ પ્લોટ ખરીદનારને દસ્તાવેજ કરી દેવામાં આવશે. આ મહત્વના નિર્ણયથી ગુડા વિસ્તારમાં પ્લોટસની હરાજીમાં જમીન ખરીદનારનો રસ વધશે તેમજ ગુડાને પણ નોંધપાત્ર આવક થશે. તેમ પણ મનાઈ રહ્યુ છે. જયારે અગાઉ કુડાસણ વિસ્તારમાં ૧૨ હજાર ચોમી ના પ્લોટ ખરીદનારની રૂ ૧ કરોડની ડીપોઝીટ ગુડાએ જપ્ત લીધી છે. પ્લોટ ખરીદનાર નાંણા ન ચુકવી શકતા ડીપોઝીટ જમા લેવામાં આવી છે. કોર્મશિયલ પ્લોટની આ ખરીદી બદલ અંદાજિત રૂ ૧૪૩ કરોડની ગુડાને ચુકવણી કરવાની થતી હતી .

**મહત્વનો નિર્ણય...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારમાં પણ વસતીનુ પ્રમાણ વધ્યુ છે. ત્યારે આ વિસ્તારમાં અડાલજની જેમ ટાઉન પ્લાનીંગ કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. સમય મુજબ પ્લાનીંગ કરવાથી તમામ સુવિધાઓ અને વિકાસના કામો પણ આયોજનબધ્ધ રીતે થઈ શકે તેવા વિઝન સાથે ગુડાએ આજની બોર્ડ બેઠકમાં આ ટી પી તૈયાર કરવા માટે નિર્ણય લીધો છે. જેમાં ટી પી સ્કીમ ૨૩ એ અડાલજ , ટી પી સ્કીમ ૩૧ વલાદ અને ટી પી સ્કીમ નં ૩૨ પાલજ માટે હદ નિયત કરવા માટે રાજયના મુખ્ય નગરનિયોજકો સાથે પરામર્શ કરવામાં આવશે. જેના અંતે ખુબ જ ઝડપથી આ કાર્યવાહી હાથ ધરવાનુ પણ આયોજન કરાયુ છે. જયારે આ અન્વયે ગુજરાત નગર રચના તેમજ શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧ -૧ હેઠળ મુસદારૂપ નગર રચના યોજના તૈયાર કરવા મુખ્ય નગર નિયોજકનો પરામર્શ મળી જાય ત્યારબાદ ગુડા ટી પી સ્કીમ તૈયાર કરવા માટે આગળની વધુ પ્રક્રીયા હાથ ધરશે.

**૧૦૦ દિવસ પૂર્ણ...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લડાઈ કરી રહ્યાં છે જેનો સીધો ફાયદો ભાજપને થવાનો છે. સરકારનું બીજુ જમાપાસું એવું છે કે રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૯૦ ટકા ભાજપ પાસે છે. એટલે કે વિધાનસભાની ચૂંટણી સમયે ભાજપ પાસે ચૂંટાયેલા પ્રતિનિધિઓનું વિશાળ નેટવર્ક છે.

ભૂપેન્દ્રભાઈ રજનીકાન્ત પટેલ ગુજરાતના ૧૭મા મુખ્યમંત્રી છે. તે ભારતીય જનતા પક્ષના નેતા છે અને ઘાટલોડિયા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતી ગુજરાત વિધાનસભાની બેઠકના સભ્ય છે. એમને પક્ષ તરફથી ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જાહેર કરાયા હતા અને ૧૩મી સપ્ટેમ્બરે તેમણે મુખ્યમંત્રીના શપથ લીધા હતા.

ભૂપેન્દ્ર પટેલનો જન્મ ૧૫ જુલાઈ, ૧૯૬૨ના રોજ ગુજરાતના અમદાવાદ શહેરમાં કડવા પાટીદાર પરિવારમાં થયો હતો. તેમણે એપ્રિલ ૧૯૮૨માં અમદાવાદની સરકારી પોલિટેકનિકમાંથી સિવિલ એન્જિનિયરિંગમાં ડિપ્લોમાની પદવી મેળવેલ છે. તેઓ કિશોરાવસ્થાથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે જોડાયેલા છે.

તેઓ સરદાર ધામ વિશ્વ પાટીદાર કેન્દ્રના ટ્રસ્ટી અને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની સ્થાયી સમિતિના અધ્યક્ષ છે. તેઓ વ્યવસાયે બિલ્ડર છે. ગુજરાત વિધાનસભાની સત્તાવાર વેબસાઈટ અનુસાર તેઓ ક્રિકેટ અને બેડમિન્ટનમાં રુચિ ધરાવે છે.તેઓ દાદા ભગવાન દ્વારા સ્થાપિત અક્રમ વિજ્ઞાન ચળવળના અનુયાયી છે.

તેઓ ૧૯૯૫-૯૬, ૧૯૯૯-૨૦૦૦ અને ૨૦૦૪-૦૬માં મેમનગર નગરપાલિકાના સભ્ય રહ્યા હતા. ૧૯૯૯-૨૦માં મેમનગર નગરપાલિકાના પ્રમુખ રહ્યા હતા.તેઓ ૨૦૦૮ થી ૨૦૧૦ સુધી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી)ના સ્કૂલ બોર્ડના વાઈસ ચેરમેન પદે રહ્યા હતા. ૨૦૧૦ થી ૨૦૧૫ સુધી તેઓ થલતેજ વોર્ડના કાઉન્સિલર પદે રહ્યા હતા. તેઓ ૨૦૧૫ થી ૨૦૧૭ સુધી અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ (ઔડા)ના ચેરમેન પદે રહ્યા હતા. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્થાયી સમિતિના અધ્યક્ષ પણ રહ્યા હતા.

ભૂપેન્દ્ર પટેલ એ ૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના શશીકાંત પટેલ સામે વિજય મેળવ્યા બાદ ઘાટલોડિયા મતવિસ્તાર માટે ગુજરાત વિધાનસભાના સભ્ય બન્યા હતા. તેઓ ૧૧૭૦૦૦ મતોની વિક્રમજનક સરસાઈથી જીત્યા હતા.

**પ્રતિક્ષા યાદી...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લેવામાં આવે છે. જેથી આ મકાનોના મજબુતીકરણ બાદ અન્યને વૈકલ્પિક વ્યવસ્થા તરીકે પણ ફાળવી શકાય જોખમી મકાનો ખાલી કરાવવા સહીત જુના અને ભયજનક મકાનોનો કડુસલો કરવા માટે પણ તબક્કાવાર મંજુરી આપવામાં આવી રહી છે. પરંતુ જોખમી મકાનો સંપુર્ણ ખાલી કરી દેવાયા બાદ જ તંત્રને આવાસો તોડવા માટે મંજુરી આપવામાં આવે છે આ તબક્કે આવાસો ખાલી કરાવી અન્ય જગ્યાએ મકાન ફાળવવાનુ પણ તંત્ર માટે શિરદર્દ સમાન બન્યુ છે. શહેરમાં અત્યાર સુધીમાં જુદી જુદી કક્ષાના સેંકેડો મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. જયારે ઘણાં જોખમી બ્લોક ખાલી કરાવી દેવાયા છે.

પરંતુ હાલની સ્થિતિએ પણ આ મામલે સંપુર્ણ કામગીરી થઈ શકી નથી આવાસોમાં હજુ બિનઅધિકૃત કબજો હોવાની ફરિયાદો પણ વધી છે. ત્યારે બિન અધિકૃત કબજેદારો સામે પણ યોગ્ય પગલા લેવાય તેવી માંગણી પણ પ્રબળ બની છે. શહેરમાં હાલની સ્થિતિએ અંદાજિત ૪૫૦૦ જેટલા મકાનો જોખમી છે. જયારે સરકારી ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની સંખ્યા પણ તેટલી જ છે.

**હરાજી કરાશે** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુડા ઓથોરિટી હસ્તક હાલની સ્થિતિએ ડ્રો કરેલા ૭૨૮ પૈકી ૭૯ મકાનો હજુ ખાલી છે જેની ફાળવણી માટે આ મુજબની પ્રકીયા અમલમાં મુકાશે. આ ઉપરાંત ગુડા દ્વારા રીઝર્વ પ્લોટ માટે પણ હવે વેચાણ આપવા માટે હરાજીની પ્રકીયા હાથ ધરાશે ગુડા દ્વારા રહેણાંક અને કોર્મશિયલ પ્લોટસની હરાજી કરાશે જયારે આ પ્લોટસની હરાજી માટે ઓનલાઈન પ્રકીયા હાથ ધરાશે જેના અંતે ગુડા માટે ભંડોળ એકત્રિત થાય તેવા પ્રયાસ કરવામાં આવશે. ગુડા વિસ્તાર કોર્પોરેશનમાં સમાવિષ્ટ થતા માળખાગત સુવિધાના કામો પણ ઝડપથી હાથ ધરવા માટે તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. જયારે હવે પ્લોટસની હરાજી કરવાનો નિર્ણય લેવાતા ગુડા વિસ્તારમાં વિકાસ કામો તેજ ગતિએ હાથ ધરાશે.